ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ચૂકવવામાં આવતી ઉચ્ચક નાણાકીય સહાયની રકમમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક: રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૪/૦૯/૨૦૨૨

વંચાણે લીધા:-

(૧) સા.વ.વિભાગનો તા.૦૫-૦૭-૨૦૧૧નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક.
(૨) સા.વ.વિભાગનો તા.૧૩-૧૦-૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક.
(૩) સા.વ.વિભાગનો તા.૦૭-૦૪-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક.
(૪) સા.વ.વિભાગનો તા.૨૦-૦૭-૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:રહમ-૧૦૨૦૧૭-યુઓ-૧૦૬(૧૮૦૯૯૫)-ક.
(૫) સા.વ.વિભાગનો તા.૨૧-૦૮-૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક.
(૬) સા.વ.વિભાગનો તા.૨૫-૦૬-૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-પાર્ટ-૧-ક.
(૭) સા.વ.વિભાગનો તા.૨૭-૦૭-૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક.
(૮) સા.વ.વિભાગનો તા.૦૭-૦૧-૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક: રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક.

આમુખ:

સરકારશ્રીના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી રાજ્ય સરકારની વિવિધ સેવાઓમાં ફરજ બજાવતાં નિયમિત કર્મચારીઓ પૈકી ચાલુ નોકરીએ અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને કર્મચારીની બાકી રહેલ નોકરીના સમયગાળાને ધ્યાનમાં લઇને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની યોજના દાખલ કરવામાં આવેલ છે. ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમ (૨) પરના ઠરાવથી આ ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવા માટેના અગ્રતાક્રમ અને અરજી કરવાની સમયમર્યાદા નક્કી કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમ (૩) પરના ઠરાવથી તા.૦૧/૦૪/૨૦૧૬ કે ત્યારબાદ ચાલુ નોકરીએ અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ચૂકવવાપાત્ર ઉચ્ચક નાણાકીય સહાયમાં વધારો કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમ (૪) પરના ઠરાવથી કરારીય સમયગાળા દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના ફીક્સ પગારના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની નીતિ દાખલ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમ (૫) પરના ઠરાવથી ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓમાં ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓ અંગે સ્પષ્ટતા બહાર પાડવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમ (૬) પરના ઠરાવથી ચાલુ નોકરી દરમ્યાન લાપતા થયેલ વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને પણ ઉચ્ચક નાણાકીય સહાય યોજનાનો લાભ આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમ

(૭) પરના ઠરાવથી ઉચ્ચક નાણાકીય સહાય માટે અરજી કરવાની સમયમર્યાદામાં વધારો કરવામાં આવેલ છે.તથા વંચાણે લીધેલ ક્રમ (૮) પરના પરિપત્રથી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબની ઉચ્ચક નાણાકીય સહાયની અરજીઓનો તાત્કાલિક ધોરણે નિયમાનુસારની વિચારણા/કાર્યવાહી કરી નિકાલ કરવા અંગેની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે.

પ્રવર્તમાન સમયમાં વધતી જતી મોંઘવારી સામે રાહત મળે તે ધ્યાનમાં લઇ માનવતાના ધોરણે ઉચ્ચક નાણાકીય સહાયની રકમમાં વધારો કરવા બાબતે રાજ્ય સરકારના માન્ય વિવિધ કર્મચારી મંડળો દ્વારા કરાયેલ રજૂઆતો ધ્યાને લઇ રહેમરાહની યોજનાના બદલે ચૂકવવામાં આવતી ઉચ્ચક નાણાકીય સહાયની રકમમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે સરકારશ્રી દ્વારા ચૂકવવામાં આવતી ઉચ્ચક નાણાકીય સહાયની રકમમાં વધારો કરવા બાબતે આથી નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:**

(૧) નિયમિત ધોરણે નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂક પામેલા વર્ગ-૩ અને વર્ગ-૪ના તેમજ વર્કચાર્જ મહેકમ ઉપરના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના તા.૨૪/૦૯/૨૦૨૨ કે ત્યારબાદ ચાલુ નોકરી દરમ્યાન અવસાનના કિસ્સામાં સ્વર્ગસ્થ કર્મચારીના આશ્રિત કુટુંબને રૂ. ૧૪ (ચૌદ) લાખની ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૨) સામાન્ય વહીવટ વિભાગનાં તા.૦૫/૦૭/૨૦૧૧ના ઠરાવ તેમજ ત્યારબાદ તે સંદર્ભે વખતોવખત થયેલ તમામ અન્ય જોગવાઇઓ/ શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૩/૦૯/૨૦૨૨ તથા સરકારશ્રીની તા.૨૪/૦૯/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સિમરન પોપટાણી)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓ/માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
ગુજરાત વિધાનસભાના માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
•સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

Scanned with OKEN Scanner

•સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
•રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
•સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
•સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
•સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
•સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના તાત્કાલિક ધ્યાને લાવવા અંગે લેખિત સુચનાઓ પરિપત્રિત કરવાની સૂચના સહ).
સા.વ.વિભાગની સર્વે શાખાઓ / સર્વે અધિકારીશ્રીઓ.
સિલેક્ટ ફાઇલ.
વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં.
• પત્ર દ્વારા

ક્રમાંક /મા.શિ./માધ્ય./અનુદ-૩/ઉ.મા.અ./2022/17650-83
કમિશ્નરશ્રી, મ.ભો. અને શાળાઓની કચેરી
બ્લોક નં. ૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર. તા. ૨૯/ ૦૯ /૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગ-3 અને વર્ગ-4 ના કર્મચારીઓને સદર ઠરાવની તમામ જોગવાઈઓ લાગુ પાડવા તથા આગળની જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

સંયુકત શિક્ષણ નિયામક (માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી
ગુ.રા., ગાંધીનગર

જા.નં/મા-૪/૨૦૨૨/ 19617
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઈન્સ, સુરત
તા-10/૧૦/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જિ.સુરત.

૨/- કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક/ઘ/માધ્ય/અનદ-૩/ઉનાસ/ ૨૦૨૨/૧૭૬૫૦-૮૩, તા.૨૬/૦૯/૨૦૨૨ અન્વયે રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓની સદર ઠરાવની તમામ જોગવાઈ લાગુ પાડવા તથા આગળની જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત